નકલી ડોક્ટર ઝડપવાનું ઓપરેશન

અરવલ્લીમાંથી બે નકલી ડૉક્ટર ૧.૨૪ લાખના દવાના જથ્થા સાથે ઝડપાયા

કોરોનામાં અનેક દર્દીઓની ગેરકાયદે સારવાર કર્યાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

રાજ્યમાં ડિગ્રી વગર પ્રેક્ટીસ કરતા નકલી ડૉક્ટરોને ઝડપી લેવાના આદેશ થતાં અરવલ્લી એલ.સી.બી. અને એસ.ઓ.જી. દ્વારા બે દિવસમાં મેઘરજના રામગઢી અને મોડાસાના વિષ્ણુપુરાકંપામાંથી કોઈપણ પ્રકારની ડિગ્રી વગર એલોપેથી સારવાર કરતા બે નકલી ડૉક્ટરોને ઝડપી તેમની પાસેથી કુલ રૂા.૧,૨૪,૭૪૨ નો મુદ્દામાલ જપ્ત લેવામાં આવ્યો છે. કોરોના સમય દરમ્યાન અનેક દર્દીઓની ગેરકાયદે સારવાર કર્યાની આશંકા છે.

કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું અનેક લોકોએ કોરોનાના કેસ છૂપાવી ઘરમાં પુરાઈ રહ્યા અને સ્થિતિ એટલી હદે વણસી કે સરકાર અને આરોગ્ય વિભાગ ઉપર પસ્તાળ પડી. અત્યારે કોરોનાનો રોગચાળો એકંદરે અંકુશમાં છે ત્યારે ઉચ્ચ કક્ષાએથી મળેલા નિર્દેષ અનુસાર અરવલ્લી પોલીસ અને આરોગ્ય ટીમો દ્વારા ગામડા તથા શહેરી વિસ્તારમાં કોઈપણ પ્રકારની ડિગ્રી વગર એલોપેથીની પ્રેક્ટીસ કરતા ડૉક્ટરોને શોધવાનું અભિયાન તેજ બનાવ્યું છે જે મુજબ એલ.સી.બી. પી.આઈ., સી.પી.વાઘેલા, એસ.ઓ.જી. પી.આઈ., જે.પી.ભરવાડ વગેરેની ટીમોએ બે અલગ અલગ સ્થળેથી છાપો મારી કોઈપણ પ્રકારની ડિગ્રી વગર દર્દીઓની સેવા કરી આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરનારા બે નકલી ડૉક્ટરોને ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. મેઘરજના રામગઢીમાંથી જયેશ દશરથભાઈ ગોર કોઈપણ પ્રકારની ડિગ્રી વગર દર્દીઓની સારવાર કરતા હોવાનું જણાતાં તેમની ક્લિનીકમાંથી રૂા.૬૬,૭૪૨ ની કિંમતની દવાઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે મોડાસાના વિષ્ણુપુરાકંપામાં હિતેષ જયંતિભાઈ પટેલ ડિગ્રી વગર પ્રેક્ટીસ કરતા હોવાનું જણાતાં તપાસ માટે ગયેલી ટીમે તેમના ક્લિનીક ઉપરથી રૂા.૫૮,૯૬૦ દવાનો જથ્થો જપ્ત લઈ આરોપીઓ વિરૂદ્ધ મેડીકલ ડિગ્રી વગર કોરોના મહામારીમાં પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરવા બદલ મેઘરજ અને મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

મોટી હોસ્પિટલોમાં દર્દીઓને જગા ન મળતાં ગામડાના ડૉક્ટરોએ જીવ બચાવ્યા

પોલીસ અને આરોગ્ય તંત્રએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી નકલી ડૉક્ટરોને ઝડપવાનું મિશન શરૂ કર્યું છે જે આવકાર દાયક છે પરંતુ કોરોનાના કપરા કાળમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને બેડ મળતા ન હતા, સારવાર અપાતી ન હતી ત્યારે વાયરલ બિમારીમાં ગામડામાં પ્રેક્ટીસ કરતા ડૉક્ટરોએ જ અનેક લોકોના જીવ બચાવ્યા છે તે પણ ભૂલવું ન જોઈએ..એ તો ઠીક પરંતુ મોટાભાગના પોલીસ કર્મચારીઓ પણ ગામડામાં આવા જ ડૉક્ટરો પાસેથી સારવાર લેતા હોવાનું જાણવા મળ્યું છે.

ધાનેરા સહીત કેટલાક વિસ્તારમાં ગત મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદી ઝાપટુ

ખેડૂતો પર તેમજ લોકો પર એક બાદ એક આફતો આવી રહી છે અને આ બધી જ આવતો ખેડૂત અને લોકો મુકેશકેલીઓ સામે લડી રહ્યા છે કોરોનાની મહામારી વચ્ચે આજે ફરીવાર બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહીત કેટલાક વિસ્તારમાં કુદરત નો પ્રકોપ જોવા મળ્યો છે ગત મોડી રાત્રિએ ભારે પવન સાથે વરસાદી ઝાપટું પડયું હતું અને ભારે પવનને લીધે મોટા પ્રમાણમાં નુકસાન પણ થવા પામ્યો હતો શહેરી વિસ્તારમાં દુકાનોના છાપરા ઉડી જવા પામ્યા હતા અને રસ્તા પર વૃક્ષો પણ ધરાશાયી થયા હતા તો બીજી તરફ ખેડૂતોનો ઊભો પાક પણ ભારે પવનના કારણે પડી જવાથી ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવ્યો છે અને ફરીવાર ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે ખેડૂતોનો ઊભો પાક ભારે તોફાનને લીધે પડી જવા પામ્યો હતો જ્યારે કાપણી કરેલા પાક પર પણ વરસાદી ઝાપટું પડતાં બાજરી પલળી જવા પામી હતી અને ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો આ બધું જોઈ કુદરત જાણે ખેડૂતો સામે રૂઠી હોય તેમ ખેડૂતોના પડતા પર પાટું જેવી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યારે બનાસકાંઠા જિલ્લા કિસાન સંગઠન પ્રમુખ વિરમાભાઈ કા દ્વારા ખેડૂતોને સર્વે કરી આપવાની પણ માંગ કરી છે.

કોરોનાએ ભારે કરી : સાબરકાંઠા, અરવલ્લીની નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ કથળી

ઓછા વેરા વસુલાતથી કર્મચારીઓના પગાર કરવાના પણ ફાંફા, સરકાર વિશેષ પેકેજમાં ગ્રાન્ટ ફાળવે

છેલ્લા ૧૪ મહિનાથી કોરોનાની હાજરીના કારણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને તિજોરીઓ ઉપર માઠી અસર થઈ છે. સાબરકાંઠા, અરવલ્લીની ૮ નગરપાલિકાઓમાં કોરોના ગ્રહણ અને વેપારીઓના ધંધા-રોજગાર પડી ભાંગતાં તેની સીધી અસર વેરા વસુલાત ઉપર જોવા મળી. ૮ નગરપાલિકાઓ પૈકી કેટલીક નગરપાલિકાઓમાં વેરા વસુલાત માટે પ્રોત્સાહક યોજનાનો લાભ આપવા છતાં નોંધપાત્ર આવક નોંધાઈ નથી જેથી પાલિકાઓમાં સ્વભંડોળ ઉપર વિપરીત અસર થતાં કર્મચારીઓના પગાર કરવાના પણ ફાંફા છે. આ સંજોગોમાં સરકારે બ. અને ડ. વર્ગની નગરપાલિકાઓ માટે વિશેષ પેકેજમાં ગ્રાન્ટ ફાળવે તેવી સરકારમાં રજૂઆત થઈ છે.

પાલિકા વિસ્તારોમાં નિયમિત વીજળી, પાણી અને સુવિધાયુક્ત સી.સી.રોડ આપ્યા પછી પાલિકા દ્વારા વેરા વસુલવામાં આવે છે. પરંતુ પાછલા ૨ વર્ષથી વેરા વસુલાતમાં મોટાભાગની નગરપાલિકાઓનો નબળો દેખાવ જોવા મળ્યો તેના માટે માત્ર કોરોના જવાબદાર છે. ગત માર્ચ-૨૦૨૦ થી કોરોનાએ હાહાકાર મચાવ્યો અને જૂન-૨૦૨૧ ના આરંભે પણ તેની હાજરી જોવા મળી છે. જિલ્લાની હિંમતનગર, મોડાસા, ઈડર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, તલોદ, વડાલી અને બાયડ પાલિકાની સરેરાશ વેરા વસુલાત માંડ ૩૮ થી ૪૭ ટકા જેટલી થઈ છે અને કરોડોના વેરા વસુલાત બાકી છે. રીઢા બાકીદારોને વેરા વસુલવા માટે નોટિસ આપ્યા પછી પણ સારાં પરિણામ મળ્યાં નથી. કેટલીક પાલિકાઓ દ્વારા વેરા ભરપાઈ કરનારા લોકો માટે વિશેષ છૂટ આપવામાં આવી છે તેમ છતાં પણ વેરા વસુલાતમાં જોઈએ તેટલો સુધાર આવ્યો નથી. એકંદરે ઉત્તર ગુજરાત સહિત અરવલ્લી જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં ઓછા વેરા વસુલાતથી આર્થિક સ્થિતિ નબળી પડી રહી છે જેથી મુખ્ય મંત્રી દ્વારા ૧ વર્ષ માટે નગરપાલિકાઓને વિશેષ પેકેજ ગ્રાન્ટ ફાળવવી જોઈએ.

દૈનિક ખર્ચ, કર્મચારીઓના પગાર કરવાના પણ ફાંફા..

પ્રાપ્ત જાણકારી અનુસાર ઓછા વેરા વસુલાતના કારણે મોટાભાગની નગરપાલિકાઓમાં સ્વભંડોળ તળીયાઝાટક થયું છે. આવી સ્થિતિ એકાદ મહિનો ચાલુ રહેશે તો પાલિકાઓમાં આવશ્યક સેવા પૂરી પાડવા પાછળ થતા ખર્ચા તેમજ દૈનિક ખર્ચ અને કર્મચારીઓના પગાર માટે ફાંફાં પડે તેવી સંભાવના છે. આ સંજોગોમાં ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ વાપરવા માટે સરકાર દ્વારા વિશેષ છૂટ આપવામાં આવે તેવી પણ રજૂઆત થઈ છે.

ડીસામાં ઓવરબ્રિજ બનાવનાર કન્સ્ટ્રકશન કંપનીને ફરી નોટિસ

ડીસા હાઈવે ઉપર ૨૦૦ કરોડથી વધુના ખર્ચે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી છેલ્લા બે વર્ષથી ચાલી રહી છે અને હવે કામગીરી પૂર્ણ થવાના આરે છે. જો કે અગાઉ બ્રિજની કામગીરી ચાલતી હતી તે દરમિયાન રચના કન્સ્ટ્રકશન દ્વારા કાટમાળ મંજૂરી વગર જ હવાઈ પિલ્લર ખાતે આવેલી સરકારી જમીનમાં નાખવામાં આવ્યો હતો. આ મામલે જાગૃત નાગરિકે રજુઆત કરતા આજથી એક વર્ષ અગાઉ નાયબ કલેક્ટરે નેશનલ હાઈવે ઓથોરીટી અને બ્રિજ બનાવતી કંપનીને સરકારી જમીનનો ઉપયોગ કરવા બદલ ૬૫ લાખથી વધુનો દંડ ફટકાર્યો હતો. જો કે એક વર્ષથી આ દંડની રકમ ન ભરાતા મામલતદારે વધુ એક નોટીસ ફટકારી સાત દિવસમાં દંડની રકમ ભરવા હુકમ કર્યો છે.

ડીસાના હાઈવે ઉપર રચના કન્સ્ટ્રકશન દ્વારા ઓવરબિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે અને આ કંપની દ્વારા હવાઈ પિલ્લરની સરકારી જગ્યામાં કોઈપણ જાતની મંજુરી વગર માટીના ઢગ અને રોડનું કાંટમાળ નાખવામાં આવ્યુ હતું. આ અંગે એક જાગૃત નાગરિકે આરટીઆઈ કરી માહિતી માંગી હતી અને નાયબ કલેક્ટર અને જિલ્લા કલેક્ટરને ભાડુ વસુલવા માટે રજુઆત પણ કરી હતી. જેથી આ મામલે ડીસાના નાયબ કલેક્ટરે નેશનલ હાઈવે ઓથોરીટીને સરકારી જગ્યા ૩૯૫ દિવસ ઊપયોગ કરવા બદલ ભાડુ ૩૭,૫૨,૫૦૦, લોકલ ફંડ ૧૮,૭૬,૨૫૦ અને કેળવણી શેષ ૯,૩૮,૧૨૫ મળી કુલ રૂ. ૬૫,૬૬,૮૭૫ નો દંડ સાત દિવસમાં કસ્બા તલાટીને ભરી પાવતીઓ બતાવવા હુકમ કર્યો હતો. તો પણ આ વાતને એક વર્ષ વીતી ગયું હોવા છતાં પણ આજદીન સુધી દંડની રકમ કંપની દ્વારા ભરવામાં આવી નથી. નાયબ કલેક્ટર બાદ મામલતદારે પણ એક વર્ષ દરમિયાન અનેક નોટીસો આપી છે. તેમ છતાં પણ રચના કન્સ્ટ્રકશન અને હાઈવે ઓથોરીટી આ નોટીસોને ઘોળીને પી ગયા છે ત્યારે ગઈકાલે ડીસા શહેર મામલતદાર લાલજીભાઈ મકવાણાએ રચના કન્સ્ટ્રકશનને વધુ એક નોટીસ આપી દંડની રકમ સાત દિવસમાં ભરવા હુકમ કર્યો છે અને જો આ કંપની દ્વારા દંડની રકમ નહીં ભરવામાં આવે તો હવે આ મામલે સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે.

શહેરમાંથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ખાણીપીણીની લારીઓ પાસેથી ગાંધીનગર રેન્જના મોડાસા રૂરલ પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહીના બે ગુનામાં છેલ્લા બે વર્ષથી ભાગતા ફરતા આરોપી દિક્ષિત જશુભાઈ પટેલને એલસીબી-૨ પોલીસે ઝડપી પાડ્યા છે. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જિલ્લામાં પેરોલ જમ્પ અને નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી પરિણામલક્ષી કામગીરી કરવા માટે સુચના આપી હતી.જેથી એલસીબી-૨ પોલીસ અધિકારી-કર્મચારીઓ તે દિશામાં પ્રયત્નશીલ હતા. તે સમયે એલસીબી-૨ ના હેડ કોન્સ્ટેબલ જોગીન્દરસિંહ મેહરસિંહને બાતમી મળી હતી કે મોડાસા રૂરલ પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહીના ૨ કેસમાં નાસતો ફરતો આરોપી દિક્ષિત જશુભાઈ પટેલ (રહે પટેલવાસ બેંક ઓફ ઈન્ડીયાની સામે કપડવંજ)ને સેકટર-૨૮ ખાણીપીણીની લારીઓ પાસેથી દબોચી લીધો હતો. પોલીસે રેકર્ડ પર તપાસ કરતા આરોપી મોડાસા રૂરલ ખાતે બે ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો હતો. પોલીસે આરોપીને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

સેકટર-૫ ખાતે સોમવારના રોજ રસીકરણ કેમ્પ યોજાશે

ગાંધીનગર મહાનગર પાલિકા અને સેકટર-૫ વસાહત મહામંડળના સહયોગથી સેટર-૫ ના વસાહતી ભાઈ બહેનોમાં ૪૫ વર્ષ થી ઉપરના વડીલો સહિતને કોવીડ વેક્સિન લેવાની બાકી હોય તેવા નાગરીકોને વેકિસનનો લાભ લેવા માટે સકેટર-૫ ખાતે એક મેડીકલ કેમ્પનું આયોજન તા.૭.૬.૨૧ ને સોમવારના રોજ કરવામાં આવ્યું છે. ત્યારે જે વસાહતી ભાઈ બહેનોને વેકસિન લેવાની બાકી હોય તેઓએ તા.૬.૬.૨૧ રવિવાર સુધીમાં કેશરીસિંહ બિહોલા મો.૯૯૭૪૫ ૨૫૬૨૮ અને વિનોદ ભટ્ટ મો.૯૮૭૯૮ ૬૩૬૩૩ નંબર પર સંપર્ક કરી નામ નોંધાવવા અનુરોધ કરવામાં આવે છે.

વાવાઝોડા બાદ ૭૫ ગામમાં હજી પણ લાઈટ નથી આવી

ગાંધીનગર,તા.૪

૧૭ મેના રોજ ગુજરાતમાં આવ્યું અને ૧૮ તારીખે પાછું ગયું. તૌકતે વાવઝોડાને પસાર થઈને ૧૭ થી વધુ દિવસો થઈ ગયા છે. તેમ છતાં હજી પણ ૭૦-૭૫ ગામડાઓમા લાઈટો નથી આવી. આ વાત ખુદ ઉર્જા મંત્રી સૌરભ પટેલે સ્વીકારી છે. ઉર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું કે, વાવાઝોડામાં ૧૦ હજાર કરતા વધુ ગામડાઓને અસર થઈ હતી. જેમાં હવે માત્ર ૭૦-૭૫ ગામ બાકી છે. આ સાથે જ તેમણે ૧૫ તારીખ સુધીમા ભાવનગર, રાજકોટ અને અમરેલી જિલ્લાના ચાર તાલુકા બાદ કરતા બધે કૃષિ જોડાણ ચાલુ કરવાનો દાવો કર્યો છે. ગુજરાત જેવા વિકસિત રાજ્યમાં પણ ૧૭ દિવસો બાદ પણ આ બદલાહી છે. વાવાઝોડાની અસરને પગલે ૧૦,૪૭૪ ગામોમાં વીજળી ડુલ થઈ હતી. તાજેતરમાં જ એક નિવેદનમાં સરકારે કહ્યું હતું કે, વાવાઝોડું ગયા બાદ ૨૦ મેના રોજથી કામ શરૂ થયું હતું. તમામ રસ્તા બંધ હતા, ને ચાલુ થઈ ગયા છે. કોઈ રસ્તો કે કોઈ કામ ડિસ્કનેક્ટ નથી. ત્રણ દિવસમાં તમામ રસ્તાઓ ચોખ્ખા કરી દીધા હતા.

ધાનેરા નગરપાલિકાએ ગરીબોને લૂંટવાનું શરૂ કર્યું

કોરોના ગાઈડ લાઇન ના ધજીયા ઉડાવનાર મોટા વેપારી ને ૨૦૦ રૂપિયા દંડ તો સામાન્ય લારી પર માસ્ક સોશિયલ ડિસ્ટનસ સાથે ગુજરાત ચલાવતા ગરીબ વેપારીને ૪૦૦ રૂપિયા દંડ

ગરીબ લારી ગલ્લાવાળાઓને હેરાન કરી દંડ વસૂલકરનાર ધાનેરા નગરપાલિકાના કર્મચારીઓ તેમજ અધિકારીઓ સામે જિલ્લા કલેકટર સાહેબ શ્રી કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી રહી છે.



જ્યારથી કોરોના નો કેર શરૂ થયો ત્યારથી લોકો નું જીવન ખૂબ જ અસ્ત-વ્યસ્ત બની ગયું છે લોકોને પોતાનું ગુજરાન ચલાવું પણ ખૂબ જ મુશ્કેલ બની ગયુ છે ત્યારે સામાન્ય લારી પર વેપાર કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા લોકો સામે આજે નગરપાલિકાએ દંડ વસૂલી માનવતા મરી પરવારી હોય તેવો ઘાટ ઘડ્યો છે અને ગરીબ પરિવારો પાસે જે દિવસના ૨૦૦ રૂપિયા કમાઈ પોતાના પરિવાર નું ગુજરાન ચલાવતા હતા તેવા વેપારીઓ પાસેથી ૪૦૦ રૂપિયા દંડ વસૂલી ગરીબો ની મુશ્કેલી માં વધારો કર્યો છે.

ધાનેરા હોટેલ શિવ પેલેસ નો માલિક કૈલાસ ગોપાલી જે કોરોના ના કપરા કાળમાં પણ કોરોના ગાઈડલાઈન ના ધજીયા ઉડાવે છે અને જાણે સ્થાનિક તંત્રને પોતાના ગજવામાં રાખતો હોય તે રીતના રોફ જમાવે છે અને ખુલ્લેઆમ કોરોના ગાઈડ લાઈન નું ઉલ્લંઘન કરે છે આ બાબતને લઈ ધાનેરા નગરપાલિકા માં દસ કરતાં વધુ વખત જાણ પણ કરવામાં આવી છે છતાં પણ નગરપાલિકાના ફાટીને ધૂમાડે ગયેલા અધિકારીઓ અને કર્મચારીઓ કાર્યવાહી કરવાના બદલે આંખ આડા કાન કરી રહ્યા છે ત્યારે આજે મોડે મોડે નગરપાલિકા તંત્ર જાગ્યું હતું અને કૈલાસ ગોપાલી ત્યાં આવી માત્ર ૨૦૦ રૂપિયાનો દંડ ફટકારી કાર્યવાહી કરવાનું નાટક કર્યું હતું ..... અને તે બાદ નગરપાલિકાના કર્મચારીઓ એ પોતાનો રોષ લારી-ગલ્લા પર ઠાલવ્યો હતો અને સામાન્ય લારી-ગલ્લા પર મજૂરી કરનાર લોકો પાસેથી ૪૦૦ - ૪૦૦ રૂપિયા દંડ વસૂલ્યો હતો ત્યારે ધાનેરાના લોકો પણ જણાવી રહ્યા છે કે ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો કર્મચારીઓ અને અધિકારીઓ સત્તાની લાલચમાં ગરીબોને ભૂલી ગયા છે અને ગરીબોની મુશ્કેલીમાં વધારો કરી રહ્યા છે ત્યારે આવા નગરપાલિકાના અધિકારીઓ કર્મચારીઓ ને જિલ્લા કલેકટર સાહેબ શ્રી પાઠ ભણાવે તેવી માંગ ઉઠી રહી છે .... ગરીબ લોકો કોરોના ના કપરા કાળ માં પોતાના પરિવારનું ગુજરાન ચલાવી શકે તે માટે વિવિધ દાતાઓ દ્વારા આર્થિક રીતે મદદ કરવામાં આવી રહી છે પરંતુ ધાનેરા નગરપાલિકા લોકોને મદદ કરવાના બદલે ગરીબ લોકો પાસેથી દંડ વસૂલી લોકોનું જીવવું મુશ્કેલ કરે છે ત્યારે આવા અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સત્તાધીશો સામે બનાસકાંઠા જિલ્લા કલેકટર સાહેબ શ્રી કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી રહી છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૨૦ કોરોનાના કેસ નોંધાયા

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૬ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૭,૮૨,૩૭૪ દર્દીઓ કોરોનાને માત આપી ચુક્યા છે : રિકવરી રેટ વધીને ૯૬.૦૭ ટકા

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં કોરોના મહામારીનો કહેર ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે. ત્યારે દરરોજ કોરોના કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના કેસની સંખ્યા ૧ હજારની આસપાસ પહોંચી ગઈ છે. તો બીજી તરફ મોતનો આંકડો પણ સતત ઘટી રહ્યો છે અને સાજા થતા દર્દીઓની સંખ્યામાં બમણો વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં આજે પણ કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. રાજ્ય સરકાર દ્વારા સતત કોરોના વેક્સીનેશન કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧,૧૨૦ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૩,૩૯૮ લોકો કોરોનાને માત આપીને સાજા થયા છે.

અત્યાર સુધીમાં કુલ ૭,૮૨,૩૭૪ દર્દીઓ કોરોનાને માત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ વધીને આજે ૯૬.૦૭ ટકાએ પહોંચ્યો હતો.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૨૨,૧૧૦ એક્ટિવ દર્દી છે, જેપૈકી ૪૧૨ લોકો વેન્ટિલેટર પર છે અને ૨૧,૬૯૮ લોકો સ્ટેબલ છે. જો કે, રાજ્યમાં કુલ ૭,૮૨,૩૭૪ લોકો ડિસ્ચાર્જ થયા છે. ૯,૯૦૬ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૪, સુરત કોર્પોરેશનમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૧ અને જામનગર કોર્પોરેશનમાં ૧ દર્દીનું મોત થયું છે.

આ ઉપરાંત વડોદરામાં ૧, સુરતમાં ૨, ખેડામાં ૧, ભાવનગરમાં ૧, સાબરકાંઠામાં ૧, જામનગરમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૧ અને નર્મદામાં ૧ દર્દીનું મોત થયું છે. આ સાથે રાજ્યમાં કુલ ૧૬ દર્દીઓના મોત થયા છે.

વસુલાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લક્ષ્યાંકોની ફાળવણી પછી ધીમી કામગીરીને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. મનરેગાની કામગીરીમાં પણ લક્ષ્યાંક મુજબની કામગીરી નહિ થતી હોવાનું તેમણે કહ્યું હતું.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત કામગીરી પણ નબળી હોવાને લઈ તેમજ સામુહિક શૌચાલયો બનાવવાની કામગીરી અંગે પણ જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તે યોગ્ય નહિ હોવાનું કહ્યુ હતું.

તાલુકા વિકાસ અધિકારીઓને વિકાસના કામો તેની સમય-મર્યાદામાં જ પુરા કરવામાં આવે તેમજ તેના પર અસરકારક મોનીટરીંગ કરવા પર પણ તેમણે ભાર મુક્યો હતો.

આજની આ બેઠકમાં ચારેય તાલુકા વિકાસ અધિકારીઓ ઉપરાંત નાયબ જિલ્લા વિકાસ અધિકારી વદર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જ્હાનવી પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

બે મૂલ્યાંકનના આધારે...

● પાંચમા પાનાનું ચાલુ

માસ પ્રમોશન જાહેર કર્યા પછી માર્કશીટ કેવી રીતે મળશે..?? મૂલ્યાંકન કેવી રીતે થશે..?? તેવા સવાલોના જવાબો આપવાનો સરકાર, શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રયાસ થયો છે જે મુજબ ધો.૧૦ નું પરિણામ બે મૂલ્યાંકન પદ્ધતિના આધારે નક્કી કરવામાં આવ્યું છે. માર્કશીટમાં માસ પ્રમોશન નહીં લખવાનો નિર્ણય લેવાયો છે. જૂનના અંતિમ સપ્તાહમાં ઓનલાઈન પરિણામ બોર્ડ તેની સત્તાવાર વેબસાઈટ ઉપર જાહેર કરી શકે છે. જ્યારે ગત વર્ષે અનેક શાળાઓએ વિદ્યાર્થીઓને આંતરીક મૂલ્યાંકનમાં ૩૦માંથી ૩૦ ગુણ આપ્યા પછી રાજ્યની ૧૪૩ થી વધુ શાળાઓમાં તપાસના આદેશ આપ્યા ત્યારબાદ તપાસનું પોટલું અભરાઈ ઉપર ચઢાવી દેવામાં આવ્યું છે. આ સંજોગોમાં માસ પ્રમોશનમાં પણ અનેક શાળાઓએ આવી કરામત કરી હોય તો ધો.૯ અને ધો.૧૦ ની એકમ કસોટીમાં સારી મહેનત કરનારા હજારો વિદ્યાર્થીઓને નુકસાન થઈ શકે છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામમાં મૂલ્યાંકન પદ્ધતિમાં આંતર શાળાકીય મૂલ્યાંકન ૨૦ ગુણમાંથી આપવાનું અને ૮૦ માર્કસ ધો.૯માં પ્રથમ સામાયિક કસોટી લેવામાં આવી તેમાંથી ૨૦ માર્કસનું ગુણાંકન કરવામાં આવશે. દ્વિતીય સામાયિક કસોટીમાંથી ૨૦ ગુણ અને માર્ચ-૨૦૨૧માં ધો.૧૦ની ઓફલાઈન માધ્યમથી જે પરીક્ષા યોજવામાં આવી હતી તેના ૩૦ ગુણ ગણવામાં આવશે. બોર્ડ દ્વારા જે એકમ કસોટી લેવામાં આવી તેના ૧૦ માર્કસ ગણવામાં આવશે. એટલે કે ધો.૯ અને ૧૦માં લેવામાં આવેલી અલગ અલગ કસોટીઓના કુલ-૨ મૂલ્યાંકનના આધારે પરિણામ જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે.

સમસ્યા ઠેરની ઠેર...

● પાંચમા પાનાનું ચાલુ

લોકઆક્ષેપ જાણીતા છે. આકરૂન્દ વિસ્તારના ખેડૂતોના જણાવ્યા અનુસાર આકરૂન્દ-હિરાપુર રોડ ઉપર આકરૂન્દ ગામ નજીકથી પસાર થતી સુજલામ કેનાલના નિર્માણ પછી ચોમાસા દરમ્યાન રસ્તા ઉપરના પાણીનો નિકાલ અટકી ગયો છે. ૧ થી ૨ ઈંચ વરસાદ પડે એટલે રસ્તો જળબંબોળ બની જાય છે જેના કારણે નાના-મોટા વાહન ચાલકો અને ખેડૂતોને પસાર થવું હોય તો પણ અન્ય માર્ગ શોધવો પડે છે. આર. એન્ડ બી. જિલ્લા પંચાયત તાબાના માર્ગ ઉપર ચોમાસા દરમ્યાન પાણી ભરાઈ રહેતાં રોડને નુકસાન થઈ રહ્યું છે પરંતુ વિભાગને રૂા.૧૦૦૦ની કિંમતનાં બે ભૂંગળાં નાખવાની ફૂરસદ નથી આ વર્ષે પણ કોઈ આગોતરૂ આયોજન નહીં થાય તો ફરીથી રસ્તો જળબંબોળ બનશે અને ડામર રોડને વધુ નુકસાન થઈ શકે છે.

ધાનેરા નગરપાલિકા જિ. બનાસકાંઠા
ફાયર એન.ઓ.સી. બાબત

જાહેર નોટીસ

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ વાણિજ્ય / રહેણાક ઈમારતો / હૉસ્પિટલો / ઈન્ડસ્ટ્રીઝનલ બિલ્ડીંગો / સ્કૂલો વિગેરેના માલિકો / કબજેદારોને આ જાહેર નોટીસથી જણાવવાનું કે આપની ઉપર મુજબની મિલકતો માટે સી.જી.ડી.સી.આર. તથા ગુજરાત પાયર પ્રિવેશન લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ - ૨૦૧૩, નિયમો ૨૦૧૪ તથા રેગ્યુલેશન - ૨૦૧૬ મુજબ ફાયર સેફ્ટી બાબતે નિયમાનુસારની કાર્યવાહી કરી રિજિયોનલ ફાયર ઓફિસરશ્રી, ગાંધીનગર તરફથી ફાયર એન.ઓ.સી. મેળવવા જણાવવામાં આવે છે. આ અંગે અગાઉ પણ નગરપાલિકા દ્વારા જાહેર નોટીસ આપી તાકીદ કરેલ છે. સદરહુ નોટીસના ૭ (સાત) દિવસમાં ઉક્ત તમામ ઈમારતોના માલિકો / કબજેદારોએ ફાયર એન.ઓ.સી. મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. અન્યથા સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા પ્રવર્તમાન નીતિ નિયમોને આધીન કાયદેસરની કાર્યવાહી તથા જરૂર પડ્યો ફોજદારી કાર્યવાહી કરવાની ફરજ પડશે.

સહી/-
મુખ્ય અધિકારી
નગરપાલિકા ધાનેરા